પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૩૧ | ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૦, ગુરુવાર; મહા વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ગેસ સિલિન્ડરમાં ૧૪૪નો વધારો



## દિલ્હીમાં ગેસના સિલિન્ડરની કિંમત વધી ૮૫૮.૫૦ રૂપિયા થઈ : તાજેતરના મહિનાઓમાં જ છઠ્ઠી વખત વધારો કરાયો : સામાન્ય લોકોના બજેટ ખોરવાશે

નવી દિલ્હી,તા. ૧૨

મોંઘવારી આસમાને પહોંચી છે ત્યારે સામાન્ય લોકોને આજે વધુ એક મોટો ફટકો પડ્યો હતો. કારણ કે તમામ મહાનગરોમાં સબસિડી વગરના એલપજી ગેસ સિલિન્ડરની કિંમતમાં સિલિન્ડરદીઠ ૧૪૪.૫૦ રૂપિયા સુધીનો વધારો થઈ ગયો છે. દિલ્હીની સાથે સાથે દેશભરમાં ગેસ સિલિન્ડરની કિંમતમાં વધારો થયો છે. આની સાથે જ સામાન્ય લોકો ઉપર વધુ એક બોજ પડ્યો છે. હાલના મહિનાઓમાં જ છઠ્ઠી વખત ગેસ સિલિન્ડરની કિંમતમાં વધારો કરવામાં આવ્યો છે. પ્રવર્તમાન આંતરરાષ્ટ્રીય સ્થિતિને ધ્યાનમાં લઈને આ વધારો કરવામાં આવ્યો છે. તમામ મહાનગરોમાં સબસિડી વગરના ૧૪ કિલોના ગેસ સિલિન્ડરની કિંમતમાં આ વધારો કરવામાં આવ્યો છે. વધારો તાત્કાલિક ધોરણે અમલી કરવામાં આવ્યો છે. આજના વધારાની સાથે જ દિલ્હીમાં ગેસ સિલિન્ડરની કિંમત હવે ૮૫૮.૫૦ રૂપિયા થઈ ગઈ છે. અહીં ગેસ સિલિન્ડરના ભાવમાં ૧૪૪.૫૦નો વધારો કરવામાં આવ્યો છે. જ્યારે કોલકાતાના ગ્રાહકોને હવે ૧૪૯ રૂપિયા વધારે ચુકવવા પડશે. આની સાથે જ કોલકાતામાં

● અનુસંધાન પાના - ૭ પર

## રિટેલ ફુગાવાનો આંક ૭.૫૯ ટકાની સપાટી પર

નવી દિલ્હી,તા. ૧૨

સીપીઆઈ ઉપર આધારિત રીટેલ ફુગાવાનો આંકડા જાન્યુઆરી ૨૦૨૦માં વધીને ૭.૫૯ ટકા સુધી પહોંચી ગયો છે. શાકભાજી, કઠોર અને પ્રોટીન આધારિત ચીજવસ્તુઓની કિંમતમાં ફેરફારના કારણે સીપીઆઈ ફુગાવામાં વધારો થયો છે. આજે એનએસઓ દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. જાન્યુઆરી મહિનામાં ફુગાવાનો આંકડો આરબીઆઈના મધ્યમ અવધિના ચાર ટકાના ટાર્ગેટ કરતા વધારે રહ્યો છે. સતત ચોથા મહિનામાં ફુગાવાનો આંકડો આરબીઆઈના આંકડા કરતા ઉચો રહ્યો છે. ડિસેમ્બર મહિનામાં ઈન્ડ્રસ્ટ્રીય ઉત્પાદનનો આંકડો ૦.૩ ટકા ઘટી ગયો છે. ગયા વર્ષે આ મહિનામાં ૨.૫ ટકાનો ગ્રોથ રહ્યો હતો. જેની સામે આ મહિનામાં ૦.૩ ટકાનો ઘટાડો થયો છે. રિટેલ ફુગાવો ડિસેમ્બર ૨૦૧૯માં ૭.૩૫ ટકા હતો. જ્યારે

● અનુસંધાન પાના - ૭ પર

## બજારમાં તેજી : સેંસેક્સમાં ૩૫૦ પોઈન્ટ સુધી સુધારો

મુંબઈ,તા. ૧૨

શેરબજારમાં આજે જોરદાર તેજીનું મોજુ રહ્યું હતું. એફએમસીજી, મેટલ, ફાઈનાસિયલ અને ઓટો કાઉન્ટરમાં જોરદાર લેવાલી જામી હતી. ઈક્વિટી માર્કેટમાં જોરદાર તેજી જોવા મળી હતી. સતત બીજા દિવસે શેરબજારમાં તેજીનો માહોલ રહ્યો હતો. આજે કારોબારના અંતે સેંસેક્સ ૩૫૦ પોઈન્ટ ઉછળીને ૪૧૫૬૬ની ઉચી સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૯૩ પોઈન્ટ ઉછળીને ૧૨૨૦૧ની ઉચી સપાટીએ રહ્યો હતો. એફએમસીજીની માયાકાય કંપની એચયુએલમાં પાંચ ટકાનો ઉછાળો રહ્યો હતો. શેરબજારમાં આજે તેના શેરમાં સૌથી મોટો ઉછાળો રહ્યો હતો. આઈસીઆઈસીઆઈ બેંક, રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, એચડીએફસી બેંક, ઈન્ફોસિસ, ટીસીએસના શેરમાં જોરદાર ઉછાળો રહ્યો હતો. જેના કારણે શેરબજારમાં તેજીનો માહોલ રહ્યો હતો અને સેંસેક્સ ઉચકાયો હતો. બ્રોર્ડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૪૭ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૫૭૮૯ રહી હતી. જ્યારે સ્મોલ કેપ ઈન્ડેક્સમાં ૧૩ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૪૭૩૭ રહી હતી.

## કેજરીવાલની ૧૬મીએ તાજપોશી

### દિલ્હીમાં ઉલ્લેખનીય જીત મેળવ્યા બાદ કેજરીવાલની નેતા તરીકે સર્વસંમતિથી પસંદગી : કેજરીવાલ કેબિનેટમાંથી કેટલા મંત્રીઓના પત્તા કપાય તેવા સંકેત

નવી દિલ્હી,તા. ૧૨

દિલ્હીમાં પ્રચંડ જીત સાથે સતત ત્રીજી વખત સત્તામાં આવેલા મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલ ઐતિહાસિક રામલીલા મેદાન ખાતે પૂર્ણ કેબિનેટની સાથે શપથ લેનાર છે. આમ આદમી પાર્ટીના નેતા મનીષ સિસોદિયાએ આજે જાહેરાત કરી હતી કે કેજરીવાલને વિધાનસભા પક્ષના નેતા તરીકે સર્વસંમતિથી ચૂંટી કાઢવામાં આવ્યા છે. તેઓ હવે ૧૬મી



ફેબ્રુઆરીના દિવસે દિલ્હીના મુખ્યપ્રધાન તરીકે શપથ લેશે. તેમની તાજપોશી માટેની તમામ તૈયારી શરૂ પણ થઈ ચુકી છે. સિસોદિયાએ કહ્યુ હતુ કે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં કેજરીવાલની પાર્ટીને પ્રચંડ બહુમતિ મળી છે. સિસોદિયાએ કેજરીવાલ અને તેમની ટીમ અંગે માહિતી આપતા કહ્યુ હતુ કે દિલ્હીના મુખ્યપ્રધાન તરીકે કેજરીવાલ ૧૬મી તારીખે શપથ લેશે. તેમની સાથે પૂર્ણ ટીમ પણ શપથ લેશે. સવારે ૧૦ વાગ્યાથી શપથગ્રહણની શરૂઆત થનાર છે. દિલ્હીના લોકોને અપીલ કરવામાં આવી છે કે તમામ લોકો શપથ ગ્રહણ કાર્યક્રમમાં ભાગ લેવા માટે રામ લીલા મેદાન ખાતે પહોંચે. અરવિન્દ કેજરીવાલની સાથે મળીને દિલ્હીને નફરતની રાજનીતીમાંથી મુક્તી અપાવવા માટે લોકો પ્રતિજ્ઞા કરે તેવી માંગ કરવામાં આવી છે. આ પહેલા

● અનુસંધાન પાના - ૭ પર

## દિલ્હીમાં બીજી વખત ખાતુ ન ખુલતા કોંગીમાં ઘમસાણ

નવી દિલ્હી,તા. ૧૨

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં સતત બીજી વખત ખાતુ ખોલવાવમાં કોંગ્રેસ પાર્ટી નિષ્ફળ રહ્યા બાદ કોંગ્રેસમાં હવે જોરદાર ઘમસાણની સ્થિતી જોવા મળી રહી છે. દિલ્હીના મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલને અભિનંદન આપવા અને પાર્ટીને લઈને કોઈ ચિંતા વ્યક્ત ન કરવા બદલ હવે દિલ્હી મહિલા કોંગ્રેસના વડા શર્મિષ્ઠા મુખર્જીએ નારાજગી વ્યક્ત કરી છે. કોંગ્રેસની કારમી હાર થયા બાદ હવે પ્રશ્નો ઉઠી રહ્યા છે. શર્મિષ્ઠાએ કહ્યુ છે કે અમે પોતાની હાર પર મંથન કરવાના બદલે અન્યોની જીત પર ગર્વ કરી રહ્યા છીએ જે ચિંતાજનક બાબત છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં એએપીની શાનદાર જીત અને ભારતીય જનતા પાર્ટીની હાર બાદ કોંગ્રેસના વરિષ્ઠ નેતા તેમજ પૂર્વ કેન્દ્રિય પ્રધાન ચિદમ્બરમ દ્વારા જે રીતે કેજરીવાલને શુભેચ્છા પાઠવી છે તેને લઈને શર્મિષ્ઠાએ નારાજગી વ્યક્ત કરી છે. સાથે સાથે કોંગ્રેસની દુકાન શુ બંધ કરી દેવી જોઈએ તેવો પ્રશ્ન પણ કર્યો છે. દિલ્હી વિધાનસભાની ચૂટણીમાં સતત

● અનુસંધાન પાના - ૭ પર

## ડેથ વોરન્ટની માંગ કરીને નિર્ભયાની માતા રડી પડી

### નિર્ભયા કેસમાં આજે ફરીવખત મામલાની સુનાવણી થશે

નવીદિલ્હી, તા. ૧૨

નિર્ભયા કેસમાં અપરાધીઓને ફાંસી ક્યારે થશે તેની લઈને હજુ પણ એક પછી એક દુવિધાઓ આવી રહી છે. દોષિતોને ડેથ વોરંટ જારી કરવા સાથે સંબંધિત અરજી પર સુનાવણી કરતી વેળા નિર્ભયાના માતા આજે ભાવનાશીલ બની ગઈ હતી અને કોર્ટ રૂમમાં રડી હતી. દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં સુનાવણી દરમિયાન નિર્ભયાની માતાએ કહ્યું હતું કે, તે એક વર્ષથી પ્રયાસ કરી રહ્યા છે કે



દોષિતોના ફાંસીની તારીખ નક્કી કરીને તેમને ફાંસી ઉપર લટકાવવામાં આવે પરંતુ હજુ સુધી કોઈ નિર્ણય થઈ રહ્યા નથી. ન્યાય મેળવવા માટે સાત વર્ષથી ઈન્તજાર કરી રહ્યા છે. દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં નિર્ભયાના માતા જજ સમક્ષ હાથ જોડીને ઉભા રહ્યા હતા અને માંગ કરી હતી કે અપરાધીઓની સામે ડેથ વોરંટ જારી કરવામાં આવે. કોર્ટની સુનાવણી બાદ કોર્ટની બહાર પણ નિર્ભયાના માતા પત્રકારો સમક્ષ રડી પડ્યા હતા. નિર્ભયાના દોષિતો પર નવા ડેથ વોરંટ જારી કરવાની માંગ સાથે નિર્ભયાના માતા પિતા અને દિલ્હી સરકારની અરજી પર આજે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કોર્ટે બંને પક્ષોને સાંભળી લીધા બાદ સુનાવણી ગુરુવાર સુધી ટાળી દેવામાં આવી હતી. નિર્ભયાના માતાએ જજ સમક્ષ રજુઆત કરી હતી કે, લાંબા ગાળા બાદ પણ અપરાધીઓને સજા થઈ રહી નથી. સુનાવણી દરમિયાન નિર્ભયાના પિતાએ જજ સમક્ષ કહ્યું હતું કે, જો આજે દોષિતોને વકીલ આપવામાં આવે છે તો તે નિર્ભયાના સાથે અન્યાય હશે. જજે આના ઉપર કહ્યું હતું કે, કાનુને અપરાધીઓને કેટલાક અધિકાર આપ્યા છે. જો અપરાધીઓને અધિકાર લેવાથી રોકવામાં આવશે તો તે અન્યાય રહેશે. આ પહેલા આ મામલામાં મંગળવારના દિવસે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. દોષિત જાહેર કરવામાં આવેલા અપરાધીઓ કાનુન સાથે રમત કરી રહ્યા છે.

## મુંબઈ હુમલાના માસ્ટર માઈન્ડ સઈદને ૧૧ વર્ષની કેદની સજા

### આતંકવાદ વિરોધી કોર્ટે ટેરર ફંડિગના મામલે અંતે કુખ્યાત સઈદને દોષિત ઠેરવ્યો : પાકિસ્તાનના પગલાને લઈ શંકા

લાહોર, તા. ૧૨

મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ હાફિઝ સઈદને આજે પાકિસ્તાનની એક આતંકવાદ વિરોધી કોર્ટે બે મામલામાં સાડા પાંચ પાંચ વર્ષની જેલની સજા ફટકારી હતી. પાકિસ્તાન દ્વારા વિશ્વના દેશોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસો જારી રાખ્યા છે. પાકિસ્તાન પર એફએટીએફની કાર્યવાહીની તલવાર તોળાઈ રહી છે ત્યારે પાકિસ્તાને હાફિઝ સઈદ સામે આ પગલા લીધા છે. જેથી તેની કાર્યવાહી સામે પણ શંકા ઉભી થઈ છે. પાકિસ્તાને વર્ષોથી આતંકવાદીઓ સામે કોઈ પણ પગલા લીધા નથી.

## જીતનો જશ્ન મનાવતા 'આપ' ધારાસભ્યના કાફલા પર હુમલો : એકનું મોત

દિલ્હીની મહારેલી વિધાનસભા સીટ પરથી આમ આદમી પાર્ટીમાંથી ધારાસભ્ય નરેશ યાદવ પર અજ્ઞાત લોકોએ મંગળવારે મોડી રાત્રે હુમલો કરી દીધો. આ હુમલામાં આપનાઅશોક માન નામના એક કાર્યકર્તાનું મોત થયું. ત્યાં એક બીજા કાર્યકર્તા હરેન્દ્ર ઘાયલ થયા. મળતી માહિતી પ્રમાણે નરેશ પર ગોળીઓથી હુમલો એ સમયે થયો જ્યાં તેઓ ચૂંટણી પરિણામ આવ્યા બાદ મંદિરથી પાછા ફરતા હતા. નરેશને કિશનગઢમાં થયેલા હુમલામાં કોઈપણ પ્રકારનું નુકસાન થયું નથી. ઘાયલને નજીકની હોસ્પિટલમાં દાખલ કરાયો હતો.










